**ક્રિ.કેસ નં. ૩૦૮/૨૦૨૬**

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) તથા ૮૫(૧) ના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી સમરી ફોર્મ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિક રીતે ફકત બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) માં રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આંક– ૭ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. તેઓને ગુનાની કબુલાતના પરીણામ અંગે તેમજ કાયદામા સજાની જોગવાઈ અંગે જણાવેલ છે. તેમ છતાં તેઓ કબુલાતને વળગી રહેલ છે અને રહેમદ્રષ્ટિ રાખવા વિનંતી કરેલ છે.

(૨) આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫(૧) મુજબના ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીએ બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) ના ગુનામાં કબુલાત પુરસીસ આપેલ છે અને કલમ–૮૫(૧) મા આંક ૧ નીચે હુકમ કરીને ચાર્જ ઓલ્ટર કરેલ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ઘ્યાને લેતાં આરોપી ગરીબ/ મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે.

(૩) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દ્ર" ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોય સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી પ્રવીણભાઈ રાજાભાઈ જાદવ ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૧ અન્વયે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા .એકસો.પુરા) નો દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો દિન–.૩. ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક –અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–ટંકારા
તા. ૧૧/૦૭/૨૦૨૬

**(હર્ષ એચ.વિશ્નોઈ)**
જયુ.મેજી.ફર્સ્ટ કલાસ,ટંકારા
**કોડ નં. જીજે ૦૧૬૦૫**